ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-2430/06/2024 તા.18/06/2023

**આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં તેમજ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરટની અધ્યક્ષતામાં પ્રદેશ યુવા મોરચાની બેઠક યોજાઇ.**

---

**23 જૂન ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનના દિવસ નિમિત્તે યુવા મોરચા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરીને મંડલ સ્તરમાં ઓછામાં ઓછી 100 બોટલ એકત્રિત કરવામાં આવશે. ગુજરાતના 580 મંડલ મુજબ સમગ્ર રાજ્યમાંથી 58 હજાર જેટલી બ્લડ યુનિટ બોટલ એકત્રિત કરવામાં આવશે.:- શ્રી પ્રશાંતભાઈ કોરાટ**

---

**21 જૂનના રોજ ગુજરાતમાં દરેક જિલ્લા સ્તરે યુવા મોરચા દ્વારા યોગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. :- શ્રી પ્રશાંતભાઈ કોરાટ**

---

**"એક પેડ, માં કે નામ" ના સૂત્રને સાર્થક કરવા માટે યુવા મોરચાના કાર્યકર્તાઓ વૃક્ષારોપણની સાથે તેની માવજત પણ કરે તે પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.
:- શ્રી પ્રશાંતભાઈ કોરાટ**

---

**આગામી 25 જૂન કટોકટી દિવસ નિમિત્તે દરેક જીલ્લાની અંદર આ કટોકટી સંદર્ભેના વ્યાખ્યાન કાર્યક્રમ યોજાશે. અને જે લોકોએ એ સમયમાં યાતના ભોગવી છે, જે લોકોએ જેલવાસ ભોગવ્યો છે તે લોકોને બોલાવીને તેમનું સન્માન થાય એ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે:- શ્રી પ્રશાંતભાઈ કોરાટ**

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શનમાં તેમજ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરટની અધ્યક્ષતામાં પ્રદેશ યુવા મોરચાની બેઠક યોજાઇ.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી પ્રશાંતભાઈ કોરાટે જણાવ્યુ કે, આગામી સમયમાં સંગઠનના આગામી કાર્યક્રમો અને યુવા મોરચા દ્વારા યોજાનાર કાર્યક્રમો પ્રદેશ થી લઈ અને તાલુકા જીલ્લા કક્ષાએ થાય તેનું આયોજન આ બેઠકમાં કરવામાં આવ્યું. 23 જૂન ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનના દિવસ નિમિત્તે યુવા મોરચા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન દરવખતે કરવામાં આવે છે અને આ વખતે પણ રક્તદાન કેમ્પનું આયોજન કરીને મંડલ સ્તરમાં ઓછામાં ઓછી 100 બોટલ એકત્રિત કરવામાં આવશે. ગુજરાતના 580 મંડલ મુજબ સમગ્ર રાજ્યમાંથી 58 હજાર જેટલી બ્લડ યુનિટ બોટલ એકત્રિત કરવામાં આવશે. આ કાર્યક્રમ 23 જૂનથી 30 જૂન એટલે 1 સપ્તાહ સુધી આ કાર્યક્રમ યોજાશે. હમણાં થોડા સમય પહેલા સમાચારના માધ્યમથી જાણવા મળ્યું હતું કે, ઉનાળાની સિઝનમાં ખૂબ ગરમી અને હિટવેવના કારણે રક્તદાન ઓછું થયું છે અને આ સમયે રક્તદાન વધુ થાય અને રકત એકત્રિત કરીને લોકો સુધી મદદે પહોંચાડી શકાય તે પ્રમાણેના કાર્યક્રમો યુવા મોરચા દ્વારા કરવામાં આવશે.

શ્રી પ્રશાંતભાઈ કોરાટે વધુમાં જણાવ્યુ કે, 21 જૂનના રોજ વિશ્વ યોગ દિવસ છે અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં જ્યારે સમગ્ર વિશ્વએ યોગને સ્વીકાર્યો હોય અને ગઈ વખતે અલગ અલગ દેશના રાષ્ટ્રપ્રમુખોએ યોગ કર્યો હતો અને આ વખતે સતત 10મી વખત 21 જૂનના રોજ ગુજરાતમાં દરેક જિલ્લા સ્તરે યુવા મોરચા દ્વારા યોગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે 05 જૂને આહ્વાન કર્યું હતું કે, "એક પેડ, માં કે નામ" તે સંદર્ભે યુવા મોરચાના માધ્યમથી દરેક કાર્યકર્તાઓ વૃક્ષારોપણ કરે અને "એક પેડ, માં કે નામ" ના સૂત્રને સાર્થક કરવા માટે યુવા મોરચાના કાર્યકર્તાઓ વૃક્ષારોપણની સાથે તેની માવજત પણ કરે તે પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. 2024ની લોકસભા ચૂંટણી અંતર્ગત દેશના યુવાનોએ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું છે ત્યારે આ ચૂંટણીમાં મતદાન કરનાર યુવાનોનો આભારદર્શન કાર્યક્રમ આગામી સમયમાં યોજાનાર છે.

શ્રી પ્રશાંતભાઈ કોરાટે જણાવ્યુ કે, આગામી 25 જૂન કટોકટી દિવસ નિમિત્તે દરેક જીલ્લાની અંદર આ કટોકટી સંદર્ભેના વ્યાખ્યાન કાર્યક્રમમાં યુવા મોરચાના કાર્યકર્તાઓ સાથે આજના યુવાનો પણ જોડાય અને જે લોકોએ એ સમયમાં યાતના ભોગવી છે, જે લોકોએ જેલવાસ ભોગવ્યો છે તે લોકોને બોલાવીને તેમનું સન્માન થાય અને તેમના દ્વારા વ્યાખ્યાન થાય એ પ્રકારના

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

કાર્યક્રમનું આયોજન ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોરચા દ્વારા કરવામાં આવશે. જે રીતે 2024 લોકસભા ચૂંટણી પૂર્ણ થઈ પરંતુ સંગઠનનું કાર્ય નિરંતર લોકો વચ્ચે જઈને લોકઉપયોગી કાર્યક્રમો ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં યથાવત રહેશે.

આ કાર્યક્રમમાં પ્રદેશ યુવા મોરચાની ટીમ, પ્રદેશ યુવા મોરચાના સેલ કન્વીનરશ્રીઓ, યુવા મોરચાના જીલ્લા પ્રભારીશ્રીઓ, જીલ્લા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ તેમજ પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)